નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# પ્રવેશ કાર્ય શરૂ

## બાલમંદિર - બાલવાટિકા - ધોરણ - 1 થી 8

શ્રી સંસ્કાર મંદિર ટ્રસ્ટ સંચાલિત

# શ્રી સંસ્કાર વિદ્યાલય

## શાળાની વિશેષતા:

1. રમત ગમતનું વિશાળ મેદાન.
2. સ્માર્ટ બોર્ડ.
3. પાઠ્ય પુસ્તક સાથે પ્રવૃતિ દ્વારા શિક્ષણ.
4. વિકલી ટેસ્ટ દ્વારા સતત મૂલ્યાંકન.
5. દરેક વર્ગને પોસાય તેવી ફી.
6. અનુભવી તથા માયાળુ સ્ટાફ.
7. કમ્પ્યુટર લેબ - લાયબ્રેરી.
8. ફાયર સેફ્ટી તથા સી.સી.ટી.વી કેમેરાથી સજ.
9. નાના બાળકો માટે બાળ ક્રીડાંગણ.



સરનામું: શિવશક્તિ સોસાયટી, હાથસણી રોડ, સાવરકુંડલા.

સંપર્ક - 94294 44946

તારીખ : 08/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

100% પરિણામ

સતત સાત વર્ષથી સફળતાની વિજયમાળા દ્વારા વિદ્યાર્થીઓમાં ગુંજતુ નામ એટલે...

# તક્ષશિલા કલાસીસ

માર્ચ - 2019 થી સતત 100 માંથી 100 માર્કસ અપાવતુ સાવરકુંડલાનું એકમાત્ર કલાસીસ

## A-1 ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીઓ

કેન્દ્ર પ્રથમ



અંબાણી કિર્તન
PR 99.72
વિજ્ઞાન-100



અકબરી ઓમ
PR 97.22



બનજારા હેત્વી
PR 97.36



સારીખડા દિવ્યેશ
PR 97.23



ચૌહાણ રૂદ્ર * PR 97.08
વિજ્ઞાન-100/મેથ્સ-99

## A-2 ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીઓ



તિર્થ પંડયા
PR 94.12



સોનેજી સાચી
PR 93.79



મકવાણા જાનકી
PR 93.79



ચોટલીયા તન્મય
PR 92.54
Maths-100



ઝાલાવડીયા હર્ષિલ
PR 92.54



ધૈર્યા માલાણી
PR 91.80



ભાલીયા તીર્થ
PR 90.68



પાઠક સત્યમ
PR 90.08



કામળીયા કૃપાલ
PR 89.69



વઘાસીયા ભકિત
PR 87.65



મકવાણા રાજવીર
PR 86.87



બંદા દિયા * PR 85.73
Maths-100



જોષી સારથિ
PR 83.70

## B-1 ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીઓ

પ્રધુમનસિંહ રાઠોડ - PR 81.35 * મહેતા રૂદ્ર - PR 81.82 * જીલ પરમાર - PR 73.08

ચાહત હડીયા - PR 71.89 * પરમાર વૃંદા - PR 82.30 * સંઘાણી ચાર્મી - PR 81.35

ટોટા સ્નેહલ - PR 77.77 * અગ્રાવત કૃપા - PR 69.68 * મકવાણા આર્યન - PR 68.81

ધોરણ-10 ની નવી બેચ શરૂ થઇ ગયેલ છે. / ધોરણ-09 ની નવી બેચ તા. 15/6/2026 થી શરૂ થશે...

ધોરણ-10 તેમજ ધોરણ-9 માં પાયો મજબુત કરી ભવિષ્યની આવનાર ચેલેન્જોમાં આપના બાળકને અડીખમ બનાવતુ કલાસીસ....

નોંધ : પ્રવેશ મેળવવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

: સંપર્ક :

અક્ષયભાઇ જોષી
મો. 70460 90928

શરદભાઇ મહેતા
મો. 94084 62672

ઉમંગભાઇ ઉપાધ્યાય
મો. 91064 24142

: સ્થળ :
લિજ્જત પાપડ પાસે, કાપેલધાર, સાવરકુંડલા

તારીખ : 08/06/2026

## માનવ સેવા સાથે પ્રમાણિકતા નું ઉત્તમ ઉદાહરણ

# અકસ્માતમાં ઘાયલ દર્દીનો સામાન 108 ના કર્મીએ સ્વજનોને સોંપ્યો



રાજુલા ઊના રોડ પર મોરી ગ્રુપ પાસે ચારનાળા નજીક રસ્તા પર અકસ્માત થયેલ અકસ્માતમાં દાઢિયાળી ગામના હિંમતભાઈ ગોવાભાઈ સોલંકી ઉંમર ૫૦ વર્ષના ઘાયલ થતા સામાન સાચવીને રાખ્યો હતો,રાજ્ય સરકારની 108 ની સેવા સંખ્યાબંધ લોકોને ત્વરિત તબીબી સેવા પૂરી પાડી નવજીવન આપતી હોવાથી વિશ્વાસ અને ચોક્કસાઈનો પયાર્ય બની ગઈ છે. જાહેર માર્ગો પર અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સારવાર આપતા સમયે તેમની સાથે કોઈ સગા સંબંધી હાજર નહીં હોય તે પરિસ્થિતિમાં તેમની પાસે રહેલ કિંમતી મુદામાલ સાચવીને રાખી લેવામાં આવે છે. જે દર્દીના પરિવારજનોને રૂબરૂ બોલાવી 108 કર્મચારીઓ દ્વારા પરત કરાય છે. 108ની ટીમ દ્વારા સારવારની સાથો-સાથ ફરજનિષ્ઠ કર્મીઓ દ્વારા તેમની સાથેના કિંમતી વસ્તુઓ સોંપવાનો એક પ્રેરણાત્મક કિસ્સા વિશે વિગતો આપતા 108 ટીમના અમરેલી જિલ્લાના અધિકારી અમાનતઅલી નકવી એ જણાવ્યું હતું કે, રાજુલા થી ઉના રોડ ઉપર ચારનાળા નજીક મોરી ગ્રુપ પાસે રસ્તા પર અકસ્માત થયેલ હતું, આ અકસ્માત મા ઘવાયેલ બાઈક ચાલક ને સારવાર માટે 108 માં જાણ કરાઈ હતી.108 મા જાણ થતાંજ નાગેશ્રી 108 ની ટીમ ના ઈ.એમ.ટી. રાજુભાઈ બાંભણીયા અને પાયલોટ બાલુભાઈ ગોહિલ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળ પર પહોંચી ઘાયલ દર્દીને સારવાર પૂરી પાડી હતી. આ તકે તેઓને 108 એમ્બ્યુલન્સ મારફત સારવાર આપી, અને રાજુલાની સરકારી હોસ્પિટલમા ખસેડ્યા હતા. ઈ.એમ. ટી. રાજુભાઈ બાંભણીયા અને પાયલોટ બાલુભાઈ ગોહિલ એ દર્દી હિંમતભાઈ ગોવાભાઈ સોલંકીના પરિવારજનોને જાણ કરી સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે અંદાજીત રૂ. 76500/- રોકડા, તેમજ જરૂરી ડોક્યુમેન્ટ જેમ કે અલગ અલગ બેંકના એ.ટી.એમ. કાર્ડ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, અને કીમતી મોબાઈલ ફોન, હોસ્પિટલમાં તેમના સગા અનકભાઈ પાંચાભાઈ સોલંકી તેમના ભાઈના છોકરાને સુપરત કરવામાં આવ્યા હતા, આ તકે ઘાયલના પરિવારજનોએ 108ની ટીમની સરાહનીય કામગીરીથી પ્રભાવિત થઈ આભાર માન્યો હતો. તેમજ આવી ઉત્કૃષ્ટ અને પ્રામાણિક કામગિરી કરવા બદલ 108 ના પ્રોગ્રામ મેનેજર કપિલ સોલંકી અને અમરેલી જીલ્લાના 108 ના અધિકારી અમાનતઅલી નકવી દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા હતાં.

તારીખ : 08/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એડમિશન શરૂ છે...

## ભુલકાઓની મનોરંજન નગરી
## પ્રિયાંશી પ્લે હાઉસ



જુ.કે.જી., સિ.કે.જી.,
ધો. ૧ થી ૮ સુધી
જુન-૨૦૨૬ થી શરૂ કરવા
જઈ રહ્યા છીએ.



અંગ્રેજી માધ્યમમાં
L.K.G., U.K.G તમામ વિભાગમાં
મર્યાદિત સંખ્યા લેવાની
હોવાથી આજે જ એડમિશન માટે પધારો...

# પ્રિયાંશી સ્કૂલ

## આર.કે. પ્રાથમિક શાળા
## આર.કે. પ્રિ-પ્રાયમરી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

નિલેષનગર, જેસરરોડ, સાવરકુંડલા.
મો. 94285 85885/97147 51168

કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

# નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના બાર વર્ષ પૂર્ણ કર્યા.

ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વડાપ્રધાન તરીકેના કાર્યકાળના બાર વર્ષ પૂર્ણ કર્યા છે. આ તકે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી જણાવ્યું હતું કે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભારતના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના બાર વર્ષ પૂર્ણ કર્યા છે. બાર વર્ષની અતૂટ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણની અવિરત યાત્રાના સાક્ષી બનવું એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. માનનીય મોદીજીએ 2014થી દેશને એક નવી દિશા આપી. “सबका साथ, सबका विकास, सबका विश्वास, सबका प्रयास”ના મંત્ર સાથે કરોડો ભારતીયોના જીવનમાં પરિવર્તન લાવનાર લોકલાડીલા વડાપ્રધાનશ્રીનું નેતૃત્વ આજે દેશને ‘વિકસિત ભારત @2047’ના લક્ષ્ય તરફ અગ્રેસર કરી રહ્યું છે. માનનીય નરેન્દ્રભાઈનો ગુજરાત સાથે તો વિશેષ સ્નેહ અને જોડાણ રહ્યું છે. એક સામાન્ય કાર્યકરથી લઈને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને આજે દેશના વડાપ્રધાન તરીકે, તેમના સતત માર્ગદર્શન અને આશીર્વાદથી ગુજરાતે વિકાસનું એક અનોખું મોડેલ વિશ્વ સમક્ષ મૂક્યું છે. સરદાર સરોવર ડેમનું સ્વપ્ન સાકાર કરવાથી લઈને, આજે ગુજરાતને બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટી, સેમિકન્ડક્ટર હબ અને ધોલેરા SIR જેવી વૈશ્વિક ઓળખ અપાવવા સુધી – દરેક ડગલે તેમના વિઝનથી ગુજરાતના ખૂણે ખૂણાનો કાયાકલ્પ થયો છે. પીએમ જન-ધન, ઉજ્જવલા, આયુષ્માન ભારત અને ડિજિટલ ઈન્ડિયા જેવી યોજનાઓએ ગરીબ અને વંચિતોના જીવનમાં જે ગુણાત્મક પરિવર્તન આણ્યું છે, તે તેમના પ્રજાલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે. ‘વિકાસ ભી અને વિરાસત ભી’ના તેમના સૂત્રને સાકાર કરતા સોમનાથ અને અંબાજી મંદિર સહિત તીર્થધામોના વિકાસ કાર્યો, વડનગર મ્યુઝિયમ અને લોથલ હેરિટેજ કોમ્પ્લેક્સ એ આપણી સંસ્કૃતિ પ્રત્યેના તેમના આદર અને સન્માનને વ્યક્ત કરે છે.માનનીય મોદીજીના નેતૃત્વમાં આજે ભારતે દુનિયાભરમાં પોતાની આગવી ઓળખ બનાવી છે.



વૈશ્વિક ફલક પર સ્પોર્ટ્સથી લઈને સ્પેસ સુધીન ક્ષેત્રોમાં વિકાસ થકી ભારતે બતાવી આપ્યું છે કે હવેના સમયમાં વિકસિત દેશોની હરોળમાં આપણો દેશ મોખરે રહેવાનો છે.તેમનો અથાક પરિશ્રમ અને દેશ માટેનું સમર્પણ આપણા સૌ માટે હંમેશા પ્રેરણારૂપ રહ્યું છે. સુશાસનના આ ઐતિહાસિક ૧૨ વર્ષો બદલ ગુજરાતની જનતા વતી હું માનનીય મોદીજીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.આવો, આપણે સૌ સાથે મળીને તેમના વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા અને વિકસિત ગુજરાતના નિર્માણ થકી દેશની પ્રગતિમાં શ્રેષ્ઠ યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ થઈએ. તેવું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**

**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સ્ટુડન્ટ સ્ટેશનરી & સ્પોર્ટ

## સ્કુલ, કોલેજ અને ઓફીસ માટેની તમામ સ્ટેશનરી વસ્તુઓ એક જ જગ્યાએ...

પેન, પેન્સિલ, નોટબુક, સ્કુલ બેગ, ટીફીન, બોટલ, ડ્રોઈંગ અને ક્રાફટ મટીરીયલ, ક્રિકેટ, ફુટબોલ અને સ્પોર્ટસ આઈટમ્સ ઉપલબ્ધ..

જયસુખભાઈ એન. માળવી - મો. 84600 30919
જયશ્રી સિનેમા રોડ, દેવળાગેઈટ,
શ્યામ મોઝેક ટાઈલ્સની સામે, સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 08/06/2026

# અમરેલી કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં વાહકજન્ય રોગ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ




અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. ગુજરાત રાજ્ય સરકારની સૂચના અનુસાર જૂન માસને 'મેલેરિયા વિરોધી માસ' અને જુલાઈ માસને 'ડેન્ગ્યુ વિરોધી માસ' તરીકે ઉજવવા માટે આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં આરોગ્ય વિભાગ, વિવિધ સરકારી કચેરીઓ અને નગરપાલિકાઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચોમાસા દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ રોકવા, પાણી ભરાવાની સમસ્યા દૂર કરવા, સ્વચ્છતા જાળવવા અને જનજાગૃતિ વધારવા માટે જરૂરી પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે તમામ વિભાગોને સંકલન સાથે સમયબધ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી.ત્યારે અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી દિવસોમાં મેલેરિયા અને ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો, સર્વેલન્સ કામગીરી તથા નિવારક પગલાંઓને વધુ વેગ આપવામાં આવશે, જેથી વાહકજન્ય રોગોના કેસોમાં ઘટાડો લાવી શકાય અને જન આરોગ્યનું રક્ષણ સુનિશ્ચિત થઈ શકે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આટલુ સસ્તુને સારૂ મળે તો પૈસા પાછા....

* બનાના કાર વાઈપર (ગેરેંટીવાળા)
  રૂા. 650 વાળા રૂા. 300 માં (જોડી)
* રેબીટ આસનીયા
  રૂા. 1800 વાળા રૂા. 1200 માં
* રેબીટ (ડોટ વાળા)
  રૂા. 3200 વાળા રૂા. 2000 માં

આસનીયા પાછળ રબ્બરની ગ્રીપ આવશે જેથી સીટ સાથે ચોંટેલા રહેશે.

## લક્કીઆર્ટ કાર એસેસરીઝ

નારણ પ્લાઝા કોમ્પ્લેક્ષ,
ગઢીયા પંપવાળી ગલી, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

# રાજુલાની ખાનગી શાળાઓને નોટિસ



મળતી વિગત મુજબ રાજુલાની ખાનગી શાળાઓને નોટિસ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવી છે વિસ્તારથી વાત કરવામાં આવે તો અમરેલી જિલ્લાના રાજુલા શહેર અને આસપાસની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ચોક્કસ સ્થળેથી પુસ્તકો, નોટબુક, સ્કૂલબેગ તથા અન્ય શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદોને પગલે શિક્ષણ વિભાગ સક્રિય બન્યો છે. અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીના નિર્દેષ બાદ રાજુલાની 10 થી વધુ ખાનગી શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે. રાજુલા સ્ટેશનરી એસોસિએશને આ મામલે સ્થાનિક તંત્ર અને શિક્ષણ વિભાગને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. મળતી વિગતો મુજબ ફરિયાદમાં જણાવાયું હતું કે કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના વેચાણ કેન્દ્રો અથવા શાળામાંથી જ સામગ્રી ખરીદવા માટે ફરજ પાડે છે, જેના કારણે વાલીઓ અને સ્થાનિક વેપારીઓને મુશ્કેલી પડે છે. અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલે જણાવ્યું કે આરટીઈ એક્ટ-૨૦૦૯ મુજબ કોઈપણ શાળા વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાન કે શાળામાંથી જ પુસ્તકો, ડ્રેસ અથવા અન્ય સામગ્રી ખરીદવા માટે દબાણ કરી શકતી નથી. નિયમોના ભંગ બદલ સંબંધિત શાળાઓ સામે કાર્યવાહી સાથે રૂ. 10 હજાર સુધીનો દંડ ફટકારવામાં આવશે. ત્યારે રાજુલાની ખાનગી શાળાઓને નોટિસ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# એકયુરેટ ક્લાસીસ

ધો. 6 થી 8
(ગુજરાતી-અંગ્રેજી મિડીયમ)
ધો. 9 થી 10 અંગ્રેજી સ્પે. બેચ
ધો. 11 થી 12 અંગ્રેજી સ્પે. બેચ

: સંપર્ક :
મનીષભાઈ વિંઝુડા મો. 97262 18206

સમય : 5 થી 7, પાણીના ટાંકા પાસે,
હાથસણી રોડ, સા.કું.

તારીખ : 08/06/2026

# ધારી તાલુકાના પરબડીમાં નવનિર્મિત પંચાયત ભવન અને પુલનું લોકાર્પણ થયું.



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના પરબડી ગામે નવનિર્મિત પંચાયત ભવન અને ગામમાં જવા માટેના પુલનું લોકાર્પણ ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયા તેમજ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા પંચાયતના સદસ્ય પોપટભાઈ દાફડા, | ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા, પરબડીના સરપંચ જસુભાઈ વાળા, તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય અનુભાઈ લલીયા, મંગળુભાઈ વાળા, ઝર સરપંચ દિલાવરભાઈ,નગરપાલિકા સદસ્ય અશોકભાઈ તલાટીયા, ધારી તાલુકા ભાજપ મંત્રી દિનેશભાઈ ચોડવડીયા અને ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ભાડે આપવાની છે...

દેવળાગેઇટ વિસ્તારમાં અતિ મોકાની ૨ શટરવાળી શો રૂમ ટાઇપ ફર્નિચર સહિત રોડ ઉપરની દુકાન ભાડે આપવાની છે તથા પરશુરામ સ્વીટની સામેની દુકાન પણ ભાડે આપવાની છે.

મળો... નિલેશભાઇ
રીયા ડ્રેસીસ
મો. 99255 45008

ફ્રેંડ્સ NEWS

તારીખ : 08/06/2026

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી દ્વારા બોટાદ મુક્તિધામ ખાતે પક્ષી પાણી પરબ (સોલર વાળું ) સ્થાપિત કરાયું

## સ્વ. શાંતા બેન જગજીવન દાસ ગોરેચા ના સ્મરણાર્થે હરેશ ભાઈ અંબાસણા પરિવાર ના સૌજન્યથી લોકાર્પણ






ગુજરાત નુ ગૌરવરૂપ હરિયાળું સુંદર તિર્થધામ બોટાદ મુક્તિધામ વિવિધ સમાજ , સંસ્થાઓ અને શહેરીજનો ના સહકાર થી જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ સંસ્થા ના મુક્તિધામ ના સ્વપ્નદ્રષ્ટા સી.એલ. ભીકડીયા ના અથાગ પરિશ્રમ થી નિર્માણ પામ્યું છે. મુક્તિધામ પરિસર માં પક્ષી ઓ માટે ઠંડુ પાણી મળી રહે તે માટે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી દ્વારા સ્વ.શાંતાબેન જગજીવન દાસ ગોરેચા ના સ્મરણાર્થે હરેશ ભાઈ અંબાસણા પરિવાર (ગઢડા સ્વામીના) ના સૌજન્યથી સોલાર યુક્ત પક્ષી માટે પાણી નું પરબ મુક્તિધામ ને ભેટ મળેલ છે. આ પરબ થી પક્ષીઓને ઠંડુ પાણી મળતા હાશકારો અનુભવશે.અને જીવદયા એજ પ્રભુ સેવા નુ સૂત્ર સાર્થક થશે. આ લોકાર્પણ પ્રસંગે મુક્તિધામ ના પ્રણેતા અને જાયન્ટ્સ ફેડરેશન ઓફીસર સી.એલ. ભીકડીયા , ફેડરેશન ઓફીસર હરેશ ભાઈ અંબાસણા , બોટાદ જાયન્ટ્સ સાહેલી ના પ્રમુખ હેમલતા બેન દેસાઈ, મીના બેન બદ્રકીયા, સોનલ બેન આદેસરા , બેલા બેન રાજેસરા, આશા બેન રાજગોર,નીતા બેન લખાણી, રૂપા બેન પરમાર , જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગઢડા ના મહેશભાઈ પટેલ ,સુરેશ ભાઈ વાઘેલા , કનુ ભાઈ બોરીચા ,ભાવેશ ભાઈ ભીકડીયા , રાજુ ભાઈ વાઘેલા , ભરત ભાઈ ચાવડા , જયેશ ભાઈ રાજ્યગુરુ, અશોક ભાઈ ડેરવાળીયા, રણજીત ભાઈ બોરીચા વગેરે ઉપસ્થિત રહેલા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મોકાની દુકાન વેચવાની છે...

## અમરેલી રોડ ટચ, સાઇઝ : 10/22 આગળ પાછળ બે શટર

## મો. 99097 60312
## મો. 99047 66539

તારીખ : 08/06/2026

# સેવા સુશાનના ૧૨ વર્ષ

# આધુનિક અમરેલીની નવી ઓળખ : દૈનિક ૧૦ હજારથી વધુ વધુ મુસાફરોની સફરનું કેન્દ્ર બન્યું અદ્યતન બસપોર્ટ

**આધુનિક બસ પોર્ટના નિર્માણથી મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત પરિવહન સેવા ઉપલબ્ધ બની**

**સૌરાષ્ટ્રના ટોપ થ્રી ડેપોમાં સુવિધાની દૃષ્ટીએ અમરેલી ડેપોનું સ્થાન**

**સુશાસનથી સર્જાયેલી સુવિધા સાથે અમરેલી બસપોર્ટ બન્યો વિકાસ અને પરિવહનનો નવો લેન્ડમાર્ક**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને વિકાસના ૧૨ વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં થયેલા જનકેન્દ્રિત વિકાસકાર્યો આજે સામાન્ય નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યા છે. આધુનિક સુવિધાઓથી સજ્જ જાહેર માળખાકીય સુવિધાઓ એ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં સાબિત થઈ રહી છે. અમરેલી શહેરમાં નિર્માણ પામેલો અત્યાધુનિક બસપોર્ટ પણ આવું જ એક વિકાસકાર્ય છે, જે આજે માત્ર પરિવહન કેન્દ્ર નહીં પરંતુ આધુનિક અમરેલીના વિકાસ અને પ્રગતિની ઓળખ બની ગયો છે.એક સમયે પરંપરાગત બસ સ્ટેશન તરીકે ઓળખાતું અમરેલીનું પરિવહન કેન્દ્ર આજે આધુનિક બસપોર્ટના રૂપમાં પરિવર્તિત થઈ ગયું છે. આશરે ૧૭,૦૯૫ ચોરસ મીટરના વિશાળ પ્લોટ વિસ્તારમાં ૭૭૧૯ ચોરસમીટર બસ ટર્મિનલનું બાંધકામ છે. આશરે રૂ. ૪૪.૫૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા આ બસ પોર્ટમાં મુસાફરોની સુવિધાને કેન્દ્રસ્થાને રાખીને આયોજન કરવામાં આવ્યું છે જેનું ઉદ્ઘાટન રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. બસ ટર્મિનલ બિલ્ડિંગ, કોમર્શિયલ બ્લોક, કેફે, વર્કશોપ અને સ્ટાફ ક્વાર્ટર્સ સહિતની સુવિધાઓ સાથે તૈયાર થયેલો આ પ્રોજેક્ટ શહેરના આધુનિકીકરણની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહ્યો છે. આ અંગે ડેપો મેનેજમશ્રી દવેએ જણાવ્યું હતું કે, આધુનિક બસ પોર્ટના નિર્માણથી મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત પરિવહન સેવા ઉપલબ્ધ બની છે. વિશાળ પ્રતીક્ષાખંડ, સુનિયોજિત બસ બે, પાર્કિંગની સુવિધા અને અન્ય જરૂરી વ્યવસ્થાઓને કારણે મુસાફરોને વધુ આરામદાયક અનુભવ મળી રહ્યો છે. શહેરના મધ્યભાગમાં આવેલું આ બસપોર્ટ આજે અમરેલીની નવી ઓળખ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, અમરેલી બસપોર્ટ પર સમગ્ર રાજ્યમાંથી દૈનિક ૨૩૩ એક્સપ્રેસ અને ૩૮૪ લોકલ બસનું આગમન થાય છે. અહીં મુસાફરો માટે પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ ઉપરાંત ટેલિવિઝન પર બસના સમયનું ટ્રેકિંગ જેવી સુવિધાઓ છે.એસ.ટી.ના વિભાગીય નિયામકશ્રી બી.ટી. પટેલે જણાવ્યું હતું કે, અમરેલી બસપોર્ટની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ એ છે કે તે દરરોજ સરેરાશ ૧૦,૬૯૦થી વધુ મુસાફરોના પરિવહનનું કેન્દ્ર બની ચૂક્યું છે. વિવિધ જિલ્લાઓ અને શહેરો માટેની એક્સપ્રેસ તેમજ લોકલ બસોની સતત અવરજવર થતી હોવાથી હજારો નાગરિકો રોજિંદા મુસાફરી માટે આ સુવિધાનો લાભ લઈ રહ્યા છે. પરિવહન સેવાની વધતી સુલભતા અને ગુણવત્તાએ અમરેલી જિલ્લાની સામાજિક તથા આર્થિક ગતિશીલતામાં પણ નોંધપાત્ર વધારો કર્યો છે. બસપોર્ટ માત્ર પરિવહન સુવિધા પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ શહેરના આર્થિક વિકાસનું પણ કેન્દ્ર બન્યું છે. કોમર્શિયલ સ્પેસના વિકાસથી વેપાર-ધંધાને પ્રોત્સાહન મળ્યું છે, રોજગારીની નવી તકો સર્જાઈ છે અને આસપાસના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. પરિણામે બસ પોર્ટ શહેરના વિકાસના નવા કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો છે. આ અંગે થાનગઢના મુસાફર શ્રી રમેશભાઈ જાદવ જણાવે છે કે, નવા બસ ડેપોમાં પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા, સુગમ બેઠક વ્યવસ્થા અને બસના આવનજાવનનો સમય પણ નિયમિત થયો છે. અમરેલીના યુવાન શ્રી તનવીર જાદવે જણાવ્યું કે, નવા બસ ડેપોમાં સ્વચ્છતા પણ ખૂબ જોવા મળે છે. યુરીનલની સ્વચ્છતા પણ અગાઉ કરતાં સારી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને વિકાસના ૧૨ વર્ષ દરમિયાન દેશના નાના અને મધ્યમ શહેરોમાં પણ આધુનિક માળખાકીય સુવિધાઓના વિકાસને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અમરેલીનો અત્યાધુનિક બસપોર્ટ આ વિકાસદ્રષ્ટિનું જીવંત ઉદાહરણ છે. આજે આ બસ પોર્ટ માત્ર હજારો મુસાફરોની યાત્રાને સરળ બનાવતો નથી, પરંતુ આધુનિક, સુવિધાસભર અને વિકસિત અમરેલીના સપનાને પણ સાકાર કરી રહ્યો છે. તે અમરેલી શહેરના વિકાસના નવા યુગનું પ્રતીક બનીને આવનારી પેઢીઓને પ્રગતિ અને સુશાસનની ગાથા સંભળાવી રહ્યો છે.













કે.ડી. NEWS
તારીખ : 08/06/2026

# અમરેલી શહેરની પ્રથમ સરકારી માધ્યમિક શાળાનો ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે શુભ આરંભ

## ૯ જૂને મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાશે

અમરેલી શહેરના શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સોપાનરૂપ બની રહેલી શ્રી સરકારી માધ્યમિક શાળા, અમરેલી (શહેર)નો શુભ પ્રારંભ આવતીકાલે તા. ૯ જૂન, ૨૦૨૬ના રોજ રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી શિક્ષણના નવા અધ્યાયનો પ્રારંભ કરાવવામાં આવશે.અમરેલી શહેરની પ્રથમ સરકારી માધ્યમિક શાળા તરીકે શરૂ થનારી આ સંસ્થા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને આધુનિક શિક્ષણ ઉપલબ્ધ કરાવશે. કાર્યક્રમ સવારે ૧૧:30 કલાકે યોજાશે. જ્યારે પ્રવેશ પ્રક્રિયા સવારે ૮:00 થી ૧૧:30 કલાક દરમિયાન હાથ ધરવામાં આવશે. શાળાનું સંચાલન હાલ રોકડિયાપરા પ્રાથમિક શાળા, અમરેલી (શહેર) ખાતે કાર્યરત રહેશે.નવી શાળામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ સાથે અનુભવી શિક્ષકોનું માર્ગદર્શન, વિજ્ઞાન લેબની સુવિધા, ડિજિટલ ક્લાસરૂમ, રમતગમત માટેની વ્યવસ્થાઓ, સમૃદ્ધ પુસ્તકાલય તેમજ સંસ્કાર અને શિક્ષણ પર વિશેષ ભાર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં આધુનિક અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે શરૂ થનારી આ શાળા અમરેલી શહેરના વિદ્યાર્થીઓ માટે નવી તકો અને ઉજ્જવળ ભવિષ્યના દ્વાર ખોલશે. વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અવસરે ઉપસ્થિત રહી પ્રવેશ પ્રક્રિયાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 08/06/2026

# અમરેલી ડિવિઝનના વાયા શ્રીનાથગઢ ગોંડલ રૂટોમાં મીડી બસ મૂકવા માંગણી.

ગોંડલમાં પાંજરાપોળ પુલ પર હેવી વાહનોને પ્રતિબંધિત કરી એસટી હોસ્પિટલ ચોક અને સુરેશ્વર ફાટક નજીક કાઢેલા 16 કિલોમીટર લાંબા ડાયવર્ઝનની માં ફરવા જવું પડે છે આ સમસ્યામાં મુસાફરોને બચાવી લેવા મીડી બસોને વાયા મોવિયા શ્રીનાથગઢ રોડ પર મધ્યકક્ષાની ઊંચાઈવાળી એસટી ની મૂકી મૂળ પાંજરાપર પુલથી બસ સ્ટેન્ડ સીધા જવાય એ રીતે ચલાવવાની માંગણી કરવામાં આવી છે.

તારીખ : 08/06/2026

# બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમાજના વિજેતા ઉમેદવારનું સન્માન કરાયું.



અમરેલી જિલ્લાના બાબરા ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજયી બનેલા ભૂદેવો તેમજ વિવિધ સંસ્થાઓમાં મહત્વની જવાબદારી પ્રાપ્ત કરનાર આગેવાનોના સન્માન માટે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. લોહાણા સમાજની વાડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો અને મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહી વિજેતા પ્રતિનિધિઓને શુભેચ્છાઓ પાઠવી હતી.અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તુષારભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારંભમાં પૂર્વ પ્રમુખ એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી, પ્રમુખ આગેવાનો, વડીલો અને સમાજજનો જોડાયા હતા.ભગીરથભાઈ ત્રિવેદી, તાલુકા પ્રમુખ હસુભાઈ જોષી, ડો. પ્રવીણભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ ત્રિવેદી, નરૂદાદા ત્રિવેદી, મનોજભાઈ કનૈયા, બાવકુભાઈ ત્રિવેદી તેમજ રાજગોર બ્રહ્મસમાજના પ્રમુખ કાકુંભાઈ ચાંવ સહિતના અગ્રણી આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાબરા નગરપાલિકાના ઉપપ્રમુખ યુઅગ્નેશભાઈ શુક્લ, સભ્યો રમેશભાઈ તેરૈયા અને મયુરભાઈ રાવલ તેમજ બાબરા નાગરિક સહકારી બેંકના ડિરેક્ટરો અતુલભાઈ ત્રિવેદી, બળવંતભાઈ ચાંવ અને ગૌરવભાઈ તેરૈયાનું શાલ, પુષ્પગુચ્છ અને ખેંચ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે લોહાણા સમાજના પ્રમુખ તેજસભાઈ કારીયાનું પણ વિશેષ સન્માન કરાયું હતું. વક્તાઓએ જણાવ્યું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં સમાજના પ્રતિનિધિઓની વધતી ભાગીદારી સમાજની એક્તા અને ગૌરવનું પ્રતિક છે. શહેરના મોટી સંખ્યામાં સમાજજનોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા કાર્યક્રમને સફળ બનાવવા નરૂદાદા ત્રિવેદી, અરવિંદભાઈ ત્રિવેદી સહિત બ્રહ્મસમાજના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

કે.ડી. NEWS
તારીખ : 08/06/2026

# ધારી આસપાસ હોટલ-રેસ્ટોરન્ટમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ચકાસણી કામગીરી

## અમરેલી જિલ્લામાં ૧૬ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલાયા

પ્રવાસન સ્થળ તરીકે જાણીતા અમરેલી જિલ્લામાં આવેલ ધારી શહેર આસપાસના હોટલ તથા રેસ્ટોરન્ટોમાં પ્રવાસીઓ અને ગ્રાહકોને શુદ્ધ અને આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો મળી રહે તે હેતુસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી દરમિયાન વિવિધ હોટલ અને રેસ્ટોરન્ટોમાં તપાસ કરી ખાદ્ય સુરક્ષા સંબંધિત નિયમોના પાલનની સમીક્ષા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા પટેલ ડાઈનિંગ હોટલ, શ્રદ્ધા હોટલ, બ્રહ્મ ભોજનાલય, એસ.એસ. ફેન્સી ઢોસા, અમીરસ રેસ્ટોરન્ટ સહિત ૦૫ ખાણીપીણી એકમોની મુલાકાત લેવામાં આવી હતી. ટીમ દ્વારા તૈયાર ખાદ્ય પદાર્થો તેમજ કાચા માલની ગુણવત્તા અંગે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત તૈયાર શાક સબ્જી, સંભાર, ચટણી, પનીર કુલ ૧૬ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ એકત્રિત કરી પરીક્ષણ અર્થે રાજ્યની માન્ય લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. પરીક્ષણના અહેવાલના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોને સ્વચ્છતા જાળવવા, ગુણવત્તાયુક્ત કાચા માલનો ઉપયોગ કરવા તેમજ ખાદ્ય પદાર્થોના સંગ્રહ અને વિતરણ દરમિયાન જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી. તેમ ડેઝીગ્નેટેડ ઓફીસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી વર્તુળની એક યાદીમાં જણાવાયું છે.

એ ગ્રેડ ક્વોલીટીનાં
A4 પેકેટ
65 GSM Rs. 180 મીનીમમ 10 પેકેટ
70 GSM Rs. 195 મીનીમમ 10 પેકેટ
80 GSM Rs. 305
તમામ પેકેટો હાજરમાં
SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 08/06/2026

# જન કલ્યાણના ૧૨ વર્ષ

# અમરેલી જિલ્લાના વિકાસગાથા વર્ણવતી પ્રગતિપથયાત્રા યોજાશે

## અમરેલી જિલ્લાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ધાર્મિક, પ્રવાસન અને સામાજિક સ્થળોની મહાનુભાવાનો મુલાકાત કરશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રમાં ૧૨ વર્ષના સુશાસન પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત જનકલ્યાણના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રગતિપથ યાત્રા દ્વારા મહાનુભાવો જિલ્લાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ધાર્મિક, પ્રવાસન અને સામાજિક સ્થળોની મુલાકાત કરશે અને અમરેલી જિલ્લાની વિકાસયાત્રાના સાક્ષી બનશે. આ વિકાસયાત્રા માટે સૂચિત સ્થળોમાં અમરેલીનું સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ ભૂરખિયા હનુમાન, કલાપી મ્યુઝિયમ, એપીએમસી અમરેલી, અટલ સરોવર સાવરકુંડલા, મારુતિધામ તળાવ રાજુલા, વાદળિયા એમ.આઈ.એસ ખાંભા, ધારી વિશ્રામગૃહ, ધારી ખોડિયાર મંદિર તેમજ ડેમ, આંબરડી સફારી પાર્ક, અમરેલી રાજમહેલ અને ટાવર ઉપરાંતના સૂચિત સ્થળોનો સમાવેશ થશે. આ પ્રગતિપથયાત્રામાં રાજ્યસરકારના મંત્રીશ્રીઓ, જિલ્લાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિતના મહાનુભાવો જોડાશે. બે તબક્કામાં યોજાનારી યાત્રાના બીજા તબક્કામાં જિલ્લાના પ્રબુદ્ધજનો, સંતો, નાગરિકો અને વિદ્યાર્થીઓને જોડવામાં આવશે. આ યાત્રાની તારીખો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

તારીખ : 08/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં



લાઈવ કેક માટે મુલાકાત લ્યો

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS
તારીખ : 08/06/2026

# અમરેલીથી ભુરખિયા સુધી 35 કિમીની સ્કેટિંગ મેરેથોન યોજાઈ



આજના આધુનિક યુગમાં બાળકો અને યુવાનોને મોબાઈલની દુનિયામાંથી બહાર લાવી રમતગમત તેમજ સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ સાથે ન્યુ પાયોનિયર સ્કેટિંગ એકેડમી, અમરેલી દ્વારા ૩૫ કિલોમીટરની સ્કેટિંગ મેરેથોન યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન અમરેલીના સેન્ટર પોઈન્ટથી પ્રારંભ થઈ ભુરખિયા સ્થિત પવિત્ર હનુમાનજી મંદિર સુધી યોજાઈ હતી. વહેલી સવારે ૬ વાગ્યે શરૂ થયેલી આ યાત્રામાં ૭વર્ષથી ૨૦ વર્ષ સુધીના કુલ ૨૫ સ્કેટર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે લગભગ 11 વાગ્યે તમામ સ્કેટર્સ ભુરખિયા પહોંચ્યા હતા. ત્યાં ભુરખિયા દાદાના પવિત્ર સ્થળે ભાવપૂર્વક વંદન કરી દર્શન અને પ્રાર્થના કર્યા બાદ આ મેરેથોન યાત્રાનું ઉત્સાહભેર સમાપન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ ખેલાડીઓમાં અનેરો ઉત્સાહ અને અદ્ભુત આનંદ જોવા મળ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

# અમરેલી નગરપાલિકા હસ્તકના રૂ. ૩.૮૫ કરોડના વિવિધ વિકાસકાર્યોનું તા. ૦૯ જૂને ખાતમુહૂર્ત

## ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે યોજાશે વિકાસ યજ્ઞ

અમરેલી, તા. ૮ જૂન, ૨૦૨૬ (સોમવાર) - અમરેલી શહેરના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવાના હેતુથી અમરેલી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન તા. ૦૯ જૂન, ૨૦૨૬ (મંગળવાર) ના રોજ કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે.કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે પોલીસ હેડક્વાર્ટર્સ, અમરેલી ખાતે યોજાનાર છે. અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિક સુવિધાઓના વિસ્તરણ અને આધુનિક માળખાગત વિકાસને પ્રાધાન્ય આપતાં કુલ રૂ. ૩૮૫.૪૮ લાખના વિકાસ પ્રકલ્પો અમલમાં મુકવામાં આવનાર છે.આ પ્રસંગે અમરેલી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી કુલ ૨૧ આંગણવાડીઓમાં કમ્પાઉન્ડ દિવાલના નિર્માણ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. ઉપરાંત, શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલ રમતગમત સંકુલમાં બેડમિન્ટન કોર્ટ (ઈન્ડોર ડોમ), પીકલ બૉલ કોર્ટ, ટેનિસ કોર્ટ, બોક્સ ક્રિકેટ કોર્ટ, ક્રિકેટ પિચ અને વોલીબોલ કોર્ટ જેવી આધુનિક રમતગમત સુવિધાઓના વિકાસકાર્યોનો પણ પ્રારંભ કરાવવામાં આવશે. તદુપરાંત, જેશિંગપરા વિસ્તારના સલાટ વિસ્તારને જોડતા માર્ગ પર કલ્વર્ટના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેના માટે અંદાજિત રૂ. ૨૪.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવશે.આ વિકાસકાર્યો પૂર્ણ થતાં શહેરમાં શિક્ષણ, બાળ કલ્યાણ, રમતગમત અને માર્ગ સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે તેમજ નાગરિકોને વધુ સુવિધાસભર માળખાગત સેવાઓ ઉપલબ્ધ બનશે. અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે હાથ ધરવામાં આવતી વિવિધ પહેલોમાં આ પ્રકલ્પો મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે. અમરેલીના આગેવાનો, જનપ્રતિનિધિઓ, નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા નાગરિકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નગપાલિકા, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 08/06/2026

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# Happy Birthday



## મકવાણા રાજેશ પ્રવિણભાઈ

### મારુતિ મોટર્સ સાવરકુંડલા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# Happy Birthday



# Ankit
## chudasama


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ગુરૂદેવ કહે છે...

“

**પ્રભુ ! બેડોળ પથ્થરમાં પ્રતિમાનાં દર્શન કરી શકતી દૃષ્ટિનો સ્વામી હું ન પણ બની શકું તો ય નયનરમ્ય પ્રતિમામાં પથ્થરનાં દર્શન કરી દેતી હલકટ કોટિની દૃષ્ટિનો હું શિકાર ન બન્યો રહું એટલી કૃપા તો તારે મારા પર વરસાવવી જ પડશે.**

”




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક પત્ની એના પતિ ને જેલમાં મળવા ગઈ પાછા ફરતી વખતે જેલર ને કહ્યું, તમે મારા પતિ જોડે આટલું બધું કામ કેમ કરાવો છો??

જેલરે કહ્યું : શું કામ??

તે ફક્ત જમે છે, ચા પાણી પીવે છે, અને સૂઈ જાય છે, આમાં કયુ કામ ??

કેદી ની પત્ની બોલી :- તો શું એ ખોટું બોલે છે કે એ સુરંગ ખોદી રહ્યો છે!!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૪ જુન
# મહત્વની ઘટનાઓ

૧૯૩૬ – ઓલ ઈન્ડિયા રેડિયોનુ આકાશવાણી નામથી રેડિયો પ્રસારણ શરૂ થયું.
૧૯૪૮ – એર ઈન્ડિયાએ બોમ્બેથી લંડન સુધીની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉડાન ભરી.
૧૯૪૯ – જ્યોર્જ ઓરવેલની ૧૯૮૪ નવલકથા પ્રકાશિત થઈ.
૧૯૮૪ – ઓસ્ટ્રેલિયન રાજ્ય ન્યૂ સાઉથ વેલ્સમાં સમલૈંગિકતાને કાયદેસર જાહેર કરવામાં આવી.
૧૯૯૨ – બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં આયોજિત પૃથ્વી શિખર સંમેલન સાથે પ્રથમ વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી કરવામાં આવી.

## જન્મ

૧૯૧૫ – કચ્યારા કિન્હન્ના રાય,  ભારતીય સ્વતંત્રતા કાર્યકર્તા, લેખક, કવિ, પત્રકાર અને શિક્ષક. (અ. ૨૦૧૫)
૧૯૧૬ – ફ્રાન્સિસ ક્રિક, અંગ્રેજી જીવવિજ્ઞાની, જૈવભૌતિકશાસ્ત્રી અને ન્યુરોસાયન્ટિસ્ટ, નોબેલ પુરસ્કાર વિજેતા (૧૯૬૨) (અ. ૨૦૦૪)
૧૯૨૦ – મોહનભાઈ પટેલ, ગુજરાતી વિવેચક અને સંપાદક (અ. ૨૦૦૨)
૧૯૩૦ – રોબર્ટ ઓમાન, જર્મન-અમેરિકન ગણિતશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી, નોબેલ પુરસ્કાર વિજેતા (૨૦૦૫)
૧૯૩૬ – કેનેથ જી. વિલ્સન, અમેરિકન ભૌતિકશાસ્ત્રી, શિક્ષણવિદ્ અને નોબેલ પુરસ્કાર વિજેતા (૧૯૮૨) (અ. ૨૦૧૩)
૧૯૪૭ – એરિક એફ. વિસ્ચાઉસ, અમેરિકન જીવવિજ્ઞાની, આનુવંશિકવાદી, શિક્ષણવિદ્ અને નોબેલ પુરસ્કાર વિજેતા (૧૯૯૫)
૧૯૫૫ – ટિમ બર્નર્સ-લી, અંગ્રેજી કમ્પ્યુટર વૈજ્ઞાનિક, વર્લ્ડ વાઈડ વેબના શોધક૧૯૭૫ – શિલ્પા શેટ્ટી  ભારતીય અભિનેત્રી

## અવસાન

૬૩૨ – મુહમ્મદ, ઈસ્લામના આખરી પયગંબર (જ. ૫૭૧)૧૯૭૦ – અબ્રાહમ મેસ્લો, અમેરિકન મનોવૈજ્ઞાનિક (જ. ૧૯૦૮)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ બ્રેન ટ્યૂમર દિન
વિશ્વ મહાસાગર દિવસ

## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક


## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 08/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની
દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ
કરીયાણાની દુકાનના
વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે
# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો
## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે
CLICK HEAR

તારીખ : 08/06/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER


Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નો નેગેટીવ ન્યુઝ

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 70K | 51K | 28K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**